# પાકિસ્તાનનો યુ ટર્ન : મુંબઈ હુમલામાં તપાસ ઝડપી નહીં બને

## એજન્ડામાં કાશ્મીર નહીં હોય ત્યાં સુધી વાતચીત નહીં થાય

ઈસ્લામાબાદ,તા. ૧૩

૨૬/૧૧ મુંબઈ હુમલા કેસમાં ટ્રાયલને ઝડપી બનાવવા સહમતિ દર્શાવ્યાના દિવસો બાદ જ પાકિસ્તાન આજે ફરીવાર ગુંલાટ મારી દીધી હતી. પાકિસ્તાને યુ ટર્ન લઈને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જ્યાં સુધી એજન્ડામાં કાશ્મીરને લેવામાં આવશે નહીં ત્યા સુધી કોઈપણ વાતચીત કરવામાં આવશે નહીં. પાકિસ્તાનના આ યુ ટર્નથી આતંકવાદીઓ પ્રત્યે તેની ઉદાસીનતા ફરીવાર સ્પષ્ટ થઈ છે. સાથે સાથે આતંકવાદ સામે લડાઈને લઈને દેખાવો કરવાની તેની નીતિ પણ ખુલ્લી પડી છે. રાષ્ટ્રીય સુરક્ષા અંગે વડાપ્રધાનના સલાહકાર અને વિદેશમંત્રી સરતાજ અઝીઝે કહ્યું છે કે, મુંબઈ હુમલામાં ટ્રાયલને આગળ વધારવા માટે પાકિસ્તાને વધુ માહિતી અને વધારે પુરાવાની જરૂર છે. અઝીઝે કહ્યું હતું કે, અમને વધારે પુરાવા અને માહિતી મળ્યા બાદ જ તપાસમાં આગળ વધીશું. અઝીઝે કહ્યું હતું કે, પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત દરમિયાન સમજોતા બ્લાસ્ટ કેસનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. સાથે સાથે આ કેસમાં




પ્રગતિ અંગેની વિગત પણ માંગી હતી. અઝીઝે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જ્યાં સુધી કાશ્મીર મુદ્દાને આમા સામેલ કરવામાં આવશે નહીં ત્યા સુધી ભારત સાથે મંત્રણા પ્રક્રિયા યોજાશે નહીં. પાકિસ્તાન ગૌરવ અને સન્માન સાથે આ મુદ્દા ઉપર સૈદ્ધાંતિક વલણને વળગી રહેશે અને કોઈ બાંધછોડ કરશે નહીં. પાકિસ્તાને યુ ટર્ન લીધાના એક દિવસ બાદ સરતાજ અઝીઝે નવી લાઈન પકડી છે. આતંકવાદી જાકી ઉર રહેમાન લખવીનો મુદ્દો પણ દબાવી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. બે દિવસ પહેલા જ નવાઝ શરીફે મોદી સાથેની વાતચીતમાં ઘણા મુદ્દા પર સહમતિ દર્શાવી હતી. નવાઝ શરીફની સંયુક્ત નિવેદનમાં કાશ્મીર મુદ્દાનો ઉલ્લેખ નહીં કરવા બદલ વ્યાપક ટીકા પણ કરવામાં આવી હતી. પ્રોસીક્યુશન ટીમના મુખ્ય વડા ચૌધરી અઝહરનું કહેવું છે કે, ચાર વર્ષ અગાઉ રાવલપિંડી કોર્ટે એવા આધાર પર લખવીને વોઈસ સેમ્પલ સ્વીકારવા માટેની અરજીને ફગાવી દીધી હતી કે, દેશમાં આવા કોઈ પ્રવર્તમાન કાયદા નથી જે આરોપીઓના વોઈસ સેમ્પલ મેળવવાની મંજુરી આપે છે. અઝહરે એમ પણ કહ્યું હતું કે, પાકિસ્તાન સરકાર આતંકવાદ વિરોધી કોર્ટમાં કોઈ નવેસરથી અરજી કરશે નહીં. ૨૬/૧૧ કેસમાં લખવીને વોઈસ સેમ્પલ મેળવવા માટે નવેસરથી રજૂઆત કરાશે નહીં. પુરાવાના અભાવના લીધે લખવી હાલ જામીન ઉપર છે. લખવીના વકીલ રિઝવાન અબ્બાસીએ પણ કહ્યું છે કે, તેમના અસીલને વોઈસ સેમ્પલ આપવા માટે ફરજ પાડી શકાય નહીં. કારણ કે આ બાબત પાકિસ્તાનના બંધારણની વિરુદ્ધમાં છે. પાકિસ્તાનમાં એવા કોઈ કાયદા નથી જેમાં વોઈસ સેમ્પલ રજૂ કરવા માટે કોઈને ફરજ પાડી શકાય. અસીલની ઈચ્છા હશે તો જ તે વોઈસ સેમ્પલ આપી શકે છે. બીજી બાજુ આ ઘટનાક્રમ અંગે પ્રતિક્રિયા કરતા ૨૬/૧૧ કેસના પ્રોસીક્યુટર ઉજ્જવલ નિકમે કહ્યું છે કે, પાકિસ્તાનનું વલણ દર્શાવે છે કે તે આતંકવાદીઓ સામે ખુબ નબળીરીતે આગળ વદવા માંગે છે. પાકિસ્તાનની જમીન ઉપર જ્યારે કાવતરા ઘડવામાં આવ્યા હતા અને આના પુરાવા મળી ચુક્યા છે ત્યારે આવા પુરાવાની માંગ સરતાઝ અઝીઝ કરે તે ખુબ જ કમનસીબ છે.

# ઉત્તર ભારતમાં ભારે વરસાદ જારી

નવી દિલ્હી,તા.૧૩

ઉત્તર ભારતમાં ભારે વરસાદથી લોકોને કોઈ રાહત મળી રહી નથી. ભારે વરસાદના કારણે ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત થઈ ગયા છે. જ્યારે જુદા જુદા વિસ્તારોમાં ભેખડો ધસી પડવાના બનાવો બની રહ્યા છે. આવી સ્થિતીમાં લોકોની સામે નવી સમસ્યા ઉબી થઈ ગઈ છે. અમરનાથ અને ચાર ધામની યાત્રામાં રહેલા લોકો ભારે મુશ્કેલીમાં છે. કારણ કે બન્ને યાત્રાને સાવચેતીના પગલારૂપે રોકી દેવામાં આવી છે. આજે સતત બીજા દિવસે અમરનાથ યાત્રાને મોકૂફ રાખવામાં આવી હતી. કોઈપણ શ્રદ્ધાળુને કાશ્મીર ખીણ તરફ આગળ વધવાની મંજુરી આપવામાં આવી ન હતી. ખરાબ હવામાનના લીધે આ સ્થિતિ રહી હતી. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ બંધ થવાના કારણે અને ખરાબ હવામાનના લીધે ભગવતીનગર યાત્રી નિવાસથી કોઈને આગળ વધવાની મંજુરી અપાઈ ન હતી. જમ્મુ-શ્રીનગર હાઈવે પર ભારે વરસાદથી ભેખડો ધસી પડવના બનાવો બન્યા છે. અમરનાથ માટેના બંને માર્ગો બંધ રાખવામાં આવ્યા છે. પહેલગામમાં વાદળ ફાટવાની ઘટના બની છે જેમાં ચાર લોકોના મોત થઈ ગયા છે. પુલગામ જિલ્લાના દુમહાલ હાંઝીપોરામાં પુરના પાણીમાં ૧૫ પરિવારના લોકો અટવાઈ પડ્યા હતા. ૧૮મી જુલાઈ સુધી ભારે વરસાદનો દોર જારી રહે તેવી શક્યતા છે. સેંકડો માર્ગો બ્લોક થઈ ગયા છે. કારણ કે ભેંખડો ધસી પડવાના બનાવો બન્યા છે. રાષ્ટ્રીય ટાનગર દિલ્હીમાં પણ લોકોને રાહત મળી રહી નથી. અમરનાથ યાત્રા અને કેદારનાથ યાત્રાને પણ ભારે વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોના કારણે રોકી દેવાની ફરજ પડી છે. ઉત્તર ભારતમાં ભારે વરસાદની સ્થિતિમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પણ અમરનાથ યાત્રા અને કેદારનાથ યાત્રામાં અટવાયા હોવાનું જાણવા મળ્યું છે. મળેલી માહિતી મુજબ ઉત્તરાખંડમાં અતિભારે વરસાદ પડી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે કેદારનાથની યાત્રા રોકી દેવામાં આવી છે. રુદ્રપ્રયાગ





અને આસપાસના વિસ્તારોમાં અતિભારે વરસાદ પડી રહ્યો છે. ઉત્તરાખંડમાં એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. આગામી બે દિવસ સુધી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. ચારધામની યાત્રામાં ગયેલા શ્રદ્ધાળુઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે વાર્ષિક અમરનાથ યાત્રાને રોકી દેવામાં આવી છે. ઉધમપુર જિલ્લામાં ગાંગરુ વિસ્તારમાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે જેના લીધે ઉત્તર કાશ્મીર બલતાલ અને દક્ષિણ કાશ્મીર પહેલગામ બંને રુટથી યાત્રાને રોકી દેવામાં આવી છે. બંને કેમ્પથી કોઈપણ યાત્રીઓને આગળ વધવાની મંજુરી આપવામાં આવી રહી નથી. હજુ સુધી અમરનાથમાં ૧.૫૦ લાખ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશમાં આગામી કલાકોમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા છે.

## સલમાન કેસમાં અરજી ઉપર સુનાવણી ૨૦મી સુધી મોકૂફ


મુંબઈ,તા. ૧૩

મુંબઈ હાઈકોર્ટે સલમાન ખાન હિટ એન્ડ રન કેસમાં અપીલ પર સુનાવણી આજે ૨૦મી જુલાઈ સુધી મોકૂફ કરી દીધી હતી. સલમાન ખાનની અરજીને મરાઠીમાં અંગ્રેજીમાં દસ્તાવેજોની અનુવાદની પ્રક્રિયા ઝડપી બનાવવા ટ્રાન્સલેટરોને આદેશ કર્યો છે. આ મામલામાં હવે આગામી સોમવારે સુનાવણી હાથ ધરાશે. અભિનેતાએ તેમને અપરાધી ઠેરવવા સામે અરજી કરી હતી પરંતુ દસ્તાવેજોના પાંચ વોલ્યુમ મરાઠી ભાષામાં હોવાથી આને અનુવાદ કરવાની જરૂર પડી રહી છે. ૨૦૦૨ના કેસમાં સલમાન ખાન હાલમાં મુશ્કેલ તબક્કામાંથી બહાર નિકળ્યો છે. મુંબઈ હાઈકોર્ટે પહેલી જુલાઈના દિવસે પણ અરજી ઉપર સુનાવણી મોકૂફ કરી હતી અને સુનાવણીને આજ સુધી મોકૂફ કરી દીધી હતી. અરજીના પેપરો તૈયાર કરી લેવામાં આવ્યા છે. કોર્ટને પણ સોંપી દેવામાં આવ્યા છે પરંતુ પાંચ વોલ્યુમને અઁગ્રેજીમાં ટ્રાન્સલેશન કરવાની જરૂર છે. કોર્ટે ૧૫મી જૂનના દિવસે આ મામલામાં સુનાવણી પહેલી જુલાઈ સુધી મોકૂફ કરી દીધી હતી. એવી માહિતી આપવામાં આવી હતી કે, કેસ પેપરો તૈયાર કરવામાં આવ્યા નથી. સેશન કોર્ટે સલમાન ખાનને દોષિત ઠેરવ્યા બાદ આના નાટ્યાત્મક ઘટનાક્રમ જોવા મળ્યા હતા. ટ્રાયલ કોર્ટે પાંચ વર્ષની સજા કર્યા બાદ હાઈકોર્ટે આ સજાને મોકૂફ કરી દીધી હતી. છઠ્ઠી મેના દિવસે સજાને મોકૂફ કરવાનો ચુકાદો અપાયો હતો. સાથે સાથે જામીન પણ મંજુર કરી દીધા હતા. પહેલી જુલાઈના દિવસે છેલ્લી સુનાવણી વેળા જસ્ટિસ એઆર જોશી સમક્ષ આ મામલો આવ્યો ત્યારે સલમાન ખાનના વકીલ અમિત દેસાઈએ માહિતી આપી હતી કે, અપીલના વિસ્તૃત આધાર સાથેના પેપર બુકની વિગત તૈયાર કરાઈ નથી. સલમાન દ્વારા આ મામલામાં ધારદાર દલીલો કરવામાં આવી ચુકી છે.

## ગ્રીસ સમજૂતિ વચ્ચે સેંસેક્સમાં ૩૦૦ પોઈન્ટનો રહેલો ઉછાળો

મુંબઈ,તા. ૧૩

શેરબજારમાં આજે સતત બીજા કારોબારી સેશનમાં તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૩૦૦ પોઈન્ટ ઉછળીને ૨૭૯૬૧ની સબપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૯૯ પોઈન્ટ ઉછળીને ૮૪૬૦ની સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં તેજીની અસર ભારતીય બજાર પણ જોવા મળી હતી. ડેબ્ટ બેલઆઉટ પેકેજ ઉપર ગ્રીસ સાથે યુરો ઝોનના નેતાઓ સમજૂતિ ઉપર પહોંચતા તેની અસર જોવા મળી હતી. આના કારણે દેવામાં ડુબેલું ગ્રીસ યુરોપિયન યુનિયનના સભ્ય તરીકે રહેશે. બીજી બાજુકરન્સી મોરચા ઉપર અનિશ્ચિતતાના વાદળો દૂર થઈ રહ્યા છે અને યુરો કરન્સીમાં સ્થિરતા આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૧.૩ અને ૧.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ મજબૂત રહી હતી. ૧૭૮૬ શેરમાં તેજી અને ૧૦૧૧ શેરમાં મંદી રહી હતી. વધુમાં સરકાર જૂન મહિના માટેના કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ ફુગાવાના આંકડા જારી કરી



રહી છે. એશિયન બજારમાં આજે તેજી રહી હતી. ચીની શેરબજારમાં ૨.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. હોંગકોંગના શેરમાં ૧.૩ ટકા, જાપાની બેંચમાર્ક નિક્કીમાં ૧.૫ ટકા, સ્ટ્રેટ ટાઈમ્સમાં એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. તમામ સેક્ટરલ ઈન્ડેક્સ તેજીમાં રહ્યા હતા. આઈટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૭ ટકાનો ઉછાળો રહ્યો હતો. હેલ્થકેર અને ઓટો ઈન્ડેક્સમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. એમ એન્ડ એમના શેરમાં ૧.૮ ટકા અને વેદાંતામાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો. મારુતિના શેરમાં બે ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એલ એન્ડ ટીમાં આજે ૦.૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો. કેટલાક શેરમાં મંદી રહી હતી પરંતુ કારોબારીઓ આજે ખુશખુશાલ દેખાયા હતા. શુક્રવારના દિવસે કારોબારના અંતે સેંસેક્સ ૮૮ પોઈન્ટ સુધરીને ૨૭૫૭૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૮ પોઈન્ટ ઉછળીને ૮૩૫૭ની સપાટીએ રહ્યો હતો. ગયા ગુરુવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૧૪ પોઈન્ટ ઘટી ૨૭૫૩૪ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૫ પોઈન્ટ ઘટી ૮૩૨૮ની નીચી સપાટીએ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. કેપિટલ ગુડ્ઝના શેરમાં તેજી માટે આઈઆઈટીના આંકડા પણ જવાબદાર છે. ગેલમાં આજે ચાર ટકાની આસપાસનો ઉછાળો નોંધાયો હતો. એલએનજી કેટેગરીના ભાગરુપે કંપની ટેન્ડર લોંચ કરનાર છે. યુરોપિયન શેરબજારમાં કારોબારની શરૂઆત તેજી સાથે થઈ હતી.

## મુલાયમ સામે કેસ કરનારની હવે સીબીઆઈ તપાસની માંગણી

લખનૌ,તા. ૧૩

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવ સામે પોલીસ ફરિયાદ દાખળ કર્યાના બે દિવસ બાદ આઈપીએસ ઓફિસરે આજે નવી દિલ્હીમાં ગૃહમંત્રાલય સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો. ઈન્સ્પેક્ટર જનરલ (સિવિલ ડિફેન્સ) તરીકે ફરજ બજાવતા અમિતાભ ઠાકુરે ગૃહમંત્રાલયમાં અધિકારીઓને મળીને સીબીઆઈ તપાસની માંગ કરી હતી. મુલાયમસિંહ સામે અમિતાભ ઠાકુર મુશ્કેલી સર્જે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. તેમને ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ અમિતાભ ઠાકુરે કર્યો છે. ઠાકુરે કહ્યું હતું કે, તેઓ તેમની સર્વિસ છોડશે નહીં. ઠાકુરે કહ્યું હતું કે, મુલાયમસિંહ કોઈ બંધારણીય વડા કે વહીવટીકાર નથી. ઠાકુરે એમ પણ કહ્યું હતું કે, આ કેસમાં સીબીઆઈની તપાસની તેઓ માંગ કરી રહ્યા છે. ઠાકુરના સામાજિક કાર્યકર પત્નિ નૂતન ઠાકુરે કહ્યું છે કે, કેન્દ્રીય દળો દ્વારા તેમને સુરક્ષા પુરી પાડવાની મંત્રાલય સમક્ષ અરજી કરી ચુક્યા છે. કારણ કે રાજ્ય પોલીસમાં તેમને વિશ્વાસ રહ્યો નથી. આઈપીએસ ઓફિસરે શનિવારના દિવસે પોલીસ ફરિયાદ દાખલ કરીને કહ્યું હતું કે, મુલાયમસિંહ યાદવે તેમની તરફ ઝુંકાવ રાખવા ટેલિફોન પર ધમકી આપી હતી. તેમની તરફ વલણ રાખવામાં નહીં આવે તો ખતરનાક પરિણામ આવવાની ધમકી પણ અપાઈ હતી. મુલાયમ સામે ફરિયાદ બાદ તરત જ બળાત્કારના મામલામાં અમિતાભ ઠાકુર સામે વળતી એફઆઈઆર દાખલ કરાઈ હતી. ઠાકુરે કહ્યું હુતં કે, હઝરતગંજ સ્ટેશનમાં તેઓ નોંધ આપી ચુક્યા છે. મુલાયમસિંહ યાદવ તરફથી શુક્રવારે સાંજે ફોન પર ધમકી આપવામાં આવી હતી. ઠાકુરના પત્નિએ મિડિયાના લોકોને ઈમેઈલ કરીને આ અંગે જાણ કરી છે. સાથે સાથે એક વ્યક્તિને વોઈસ રેકોર્ડિંગ પણ આપ્યું છે. ઈન્ડિયન પોલીસ સર્વિસના અધિકારીએ આક્ષેપ કર્યો છે કે, યાદવના લેન્ડલાઈન નંબર રહેલો છે અને લખનૌમાં વિક્રમાદિત્ય માર્ગથી આ ફોન આવ્યો હતો.

## પાસપોર્ટ હવે સપ્તાહમાં જ બની જાય તેવી તૈયારી શરૂ

નવી દિલ્હી,તા. ૧૩

પાસપોર્ટ બનાવવા અને રિન્યુ કરવા માટે પોલીસ વેરિફિકેશન હવે ઓનલાઈન કરી શકાશે. આ રીતે પાસપોર્ટ હવે ૨૦ દિવસના બદલે એક સપ્તાહના ગાળામાં જ બની જશે. ગૃહ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે ઓનલાઈન વેરિફિકેશનની પ્રક્રિયા આ વર્ષે નવેમ્બરથી શરૂ કરવામાં આવે તેવી



શક્યતા દેખાઈ રહી છે. ગૃહ મંત્રાલય તમામ એસપી લેવલના પોલીસ અધિકારીને આધાર, મતદાર ઓળખ પત્ર અને નેશનલ પોપ્યુલેશન રજિસ્ટારના ડેટાબેઝની સત્તા આપનાર છે. આ ડેટાબેઝની માહિતી ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક સિસ્ટમના મારફતે ઉપલબ્ધ કરાવાશે. આનાથી પોલીસ પાસપોર્ટ માટે અરજી કરનાર વ્યક્તિની ઓળખ અને સરનામા તેમજ ક્રિમિનલ રેકોર્ડની ચકાસણી કરી શકશે. પાસપોર્ટ માટે પોલીસને કોઈ જગ્યાએ જવુ ન પડે તેવી ખાતરી કરવા માટે આ પગલુ લેવામાં આવી રહ્યું છે. સુત્રોના જણાવ્યા મુજબ આદાર, મતદાર ઓળખપત્ર અને એનપીપીને સીસીટીએનએસ સાથે જોડી દેવામાં આવનાર છે. જેના કારણે અરજીદારે ફોટો અને સરનામા યોગ્ય આપ્યા છે કે કેમ તે જોઈ શકશે. જો કોઈ વ્યક્તિની અપરાધની ગતિવિધી રહી છે તો પણ આના કારણે જાણ થઈ જશે. સીસીટીએનએસ સાથે સમગ્ર દેશના પોલીસ સ્ટેશનના રેકોર્ડને જોડી દેવામાં આવનાર છે. ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ઓનલાઈન પોલીસ વેરિફિકેશન નવેમ્બરમાં હાથ ધરવામાં આવનાર છે. વડાપ્રધાન વિદેશ યાત્રાથી પરત ફર્યા બાદ આના માટે ફંડિંગ આપવામાં આવશે. પોલીસ વેરિફિકેશનમાં લાગનાર સમય એક સપ્તાહથી પણ ઓછો થઈ જશે જે હાલમાં ૨૦ દિવસ સુધીનો હોય છે. શરૂમાં પોલીસ ઓનલાઈન ચકાસણીની સાથે સાથે ફિઝિકલ વેરિફિકેશન પણ કરશે. વિદેશ અને ગૃહમંત્રાલયને મોદીને થોડાક સમય પહેલા જ પાસપોર્ટની પ્રક્રિયાને ઝડપી કરવા માટે કહ્યું હતું.

## મોદી ૧૭મીના દિવસે કાશ્મીર જશે

જમ્મુ,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭મી જુલાઈના દિવસે જમ્મુ કાશ્મીરની મુલાકાત લેનાર છે. મોદીની યાત્રાને લઈને તમામ તૈયારી શરૂ કરવામાં આવી છે. સાથે સાથે સુરક્ષાને લઈને પણ સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. રાજ્ય સરકારમાં ટોપના સુત્રોએ કહ્યું છે કે વડાપ્રધાન મોદી સ્વર્ગસ્થ કોંગ્રેસી નેતા ગિરધારીલાલ ડોગરાની જન્મ દિવસની ઉજવણીમાં ભાગ લેનાર છે. ડોગરા જમ્મુ પ્રદેશમાં કથુઆ જિલ્લાના હતા. તેમની સારી પક્કડ હતી. નાણાં પ્રધાન અરૂણ જેટલીએ ડોગરાની પુત્રી સાથે લગ્ન કરેલા છે. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ યાત્રા દરમિયાન જમ્મુ કાશ્મીર માટે ૭૦૦૦૦ કરોડના મહાકાય પેકેજની જાહેરાત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. સુત્રોએ કહ્યું છે કે પેકેજની જાહેરાત કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં જાહેર કરવામાં આવેલા આને સૌથી મોટા પેકેજ તરીકે ગણવામાં આવે છે. મોદી એક દિવસની યાત્રા દરમિયાન જમ્મુ પ્રદેશ માટે એમ્સની જાહેરાત કરે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે.

## વિમ્બલ્ડન : પેસ-હિંગિસની જોડી મિકસ ડબલ્સમાં જીતી

લંડન,તા. ૧૩

ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રમાયેલી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં હવે ભારતના સ્ટાર ટેનિસ ખેલાડી લિયાન્ડર પેસ અને સ્વીસ પાર્ટનર માર્ટિના હિંગીસની જોડીએ સાથે અગાઉ રવિવારે ભારતના સુમિત નાગલે વિમ્બલ્ડન બોયજની ડબલ્સમાં ભારતને ટ્રોફી અપાવી હતી. શનિવારે ભારતની સ્ટાર ખેલાડી સાનિયા મિર્ઝાએ પણ માર્ટિના હિંગીસની સાથે મળીને મહિલા ડબલ્સમાં તાજ જીત્યો



મળીને મિક્સ્ડ ડબલ્સનો તાજ જીતી લીધો છે. લિયાન્ડર પેસે ભારતને આ વર્ષે ત્રીજી વિમ્બલ્ડન ટ્રોફી જીતાડી છે. પેસ અને હિંગીસની જોડીએ મિક્સ્ડ ડબલ્સની ફાઈનલ મેચમાં એલેકજાન્ડર પેયા અને ટિમિયા બાબોસની જોડી પર સીધા સેટોમાં ૬-૧ અને ૬-૧થી જીતી મેળવી હતી. આ હતો. પેસ અને હિંગીસની જોડીએ માત્ર ૪૦ મિનિટના ટુંકા ગાળામાં જ પોતાની હરિફ જોડી પર જીત મેળવી લીધી હતી. હિંગીસની સાથે પેસે બીજી ટ્રોફી જીતી છે. ઓસ્ટ્રેલિયન ઓપનમાં પણ પેસ અને હિંગીસની જોડી ચેમ્પિયન બની હતી. ૪૨ વર્ષીય પેસના ગ્રાન્ડ સ્લેમ ખાતામાં હવે આઠ પુરૂષ ડબલ્સ ટ્રોફી છે. હિંગીસે બે દિવસમાં બે વિમ્બલડન ટ્રોફી જીતી છે. ભારતીય ખેલાડીનો દેખાવ વિમ્બલ્ડનમાં આ વખતે ઐતિહાસિક રહ્યો છે. પેસ પહેલા સ્ટાર ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા અને સ્વીત્ઝર્લેન્ડની માર્ટિના હિન્ગીસની જોડીએ ઈતિહાસ રચીને વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલા વર્ગમા ડબલ્સનો તાજ જીતી લીધો હતો. સાનિયા અને હિન્ગીસની જોડીએ ફાઈનલ મેચમાં રશિયન જોડી એકાતેરીના માકારોવા અને એલેના વેસનિનાની જોડી પર પ્રથમ સેટ ગુમાવી દીધા બાદ ૫-૭, ૭-૬ અને ૭-૫થી જીત મેળવી લીધી હતી. આ જીતની સાથે જ સાનિયા મિર્ઝા વિમ્બલ્ડન મહિલા ડબલ્સનો તાજ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની ગઈ હતી. સાનિયા અને માર્ટિના હિન્ગીસની વિજેતા જોડીને ૫.૪૭ લાખ ડોલરની રકમ મળી હતી. પ્રોફેશનલ ટેનિસમાં એન્ટ્રી કર્યાના ૧૨ વર્ષ બાદ સાનિયા મિર્ઝાના હાથે વિમ્બલ્ડનમાં આ ટ્રોફી આવી હતી.

## કુલ ૨૫૦૦૦ લોકો એલપીજી સબસિડી રોજ છોડી રહ્યા છે

નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરન્દ્ર મોદીએ અપીલ કર્યા બાદ ૧૦ લાખથી વદારે લોકો હજુ સુધી એલપીજી સબસિડી છોડી ચુક્યા છે. એટલુ જ નહી દેશભરમાં આશરે ૨૫૦૦૦ લોકો દરરોજ ગિવ ઈટ કેપેનમાં સામેલ થઈ રહ્યા છે. એક અખબારમાં દાવો કરવામાં આવ્યો છે કે મોદીએ ૨૭મી માર્ચના દિવસે ગિવ અટ અપ કૈપેન લોંચ કરી હતી. ત્યારબાદથી હજુ સુધી ૧૦ લાખ ૧૬ હજાર લોકો સબસિડી છોડી ચુક્યા છે. આનુ પરિણામ એ રહ્યું છે કે સબસિડીના ૪૭૬ કરોડ રૂપિયા બચી ગયા છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના કારોબારી ડિરેકટર અને બ્રેડિંગ એન્ડ કાર્પોરેટ કોમ્યુનિકેશન હેડ ઈન્દ્રજીત બોસે કહ્યું હતુ કે ગિવ ઈટ અપ કૈપેન ગતિ પકડી રહી છે. મોટી સંખ્યામાં લોકો આમાં રસ લઈ રહ્યા છે. આંકડા ખુબ પ્રોત્સાહનજનક રહ્યા છે. છેલ્લા ૨-૩ દિવસોમાં આઈઓસીને લાગ્યું છે કે રોજ આશરે ૨૫૦૦૦ લોકો સબસિડી છોડી રહ્યા છે. ૧૫.૩ કરોડ વર્તમાન એલપીજી કનેકશનને ધ્યાનમાં લઈને સબસિડી છોડનારની સંખ્યા ઓછી દેખાઈ રહી છે પરંતુ તેમાં ઝડપી પ્રગતિ થઈ રહી છે. આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે સબસિડી છોડી દેનાર ગ્રાહકોની સંખ્યાની દ્રષ્ટિએ ઉત્તરપ્રદેશ પ્રથમ સ્થાન પર છે. રાજ્યના બે લાખ ગ્રાહકો એલપીજી સબસિડી છોડી ચુક્યા છે. ઉત્તરપ્રદેશ બાદ મહારાષ્ટ્ર બીજા ક્રમાંકે છે. જ્યાં ૧.૫૫ લાખ અને દિલ્હીમાં ૧૦મી જુલાઈ ૨૦૧૫ સુધી ૧.૧૪ લાખ લોકો એલપીજી સબસિડી છોડી ચુક્યા છે. સંજોગથી એલપીજી ગ્રાહકોના મામલામાં ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર સૌથી આગળ છે. ચોંકાવનારી બાબત એ છે કે કેરળ વિકસિત રાજ્ય હોવા છતાં અહીં માત્ર ૧૫૦૩૦ લોકો સબસિડી છોડી ચુક્યા છે. દક્ષિણ રાજ્યોમાં કર્ણાટક સબસિડી છોડી દેવાના મામલે પ્રથમ ક્રમ પર છે. હજુ સુધી અહીં ૭૮૩૦૭ લોકો એલપીજી સબસિડી છોડી ચુક્યા છે. ત્યારબાદ તમિળનાડુ બીજા ક્રમાંક પર છે.